ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ન જાણ્યુ જાનકી નાથે.. કાલે સવારે શું થવાનું છે

પેથાપુરના ત્રણ વ્યક્તિઓના ઓડીશામાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ : એક ઈજાગ્રસ્ત

ગાંધીનગર,તા.૨

ગાંધીનગરના પેથાપુર ગામના ચાર વ્યકિતને ઓડીશા ખાતે માર્ગ અકસ્માત નડ્યો છે. જેમાં પેથાપુરના ત્રણ વ્યકિતએ જીવ ગુમાવ્યો છે. તો એક વ્યકિતને ઈજા પહોંચતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બનાવની જાણ થતા મૃતકોના ઘરે તેમજ પેથાપુરમાં શોકનુ મોજુ ફરી વળ્યું હતું. પેથાપુરમાં નીકળતી રથયાત્રા માટે ભગવાન જગ્ગનાથની મૂર્તિ લેવા માટે આઈટેન ગાડી લઈને ચાર મિત્રો ઓડીશા જગ્નાથપુરી ગયા હતા. ત્યાંથી ગઈકાલે સાંજે પરત ફરી રહ્યા હતા. ત્યારે મોડી રાત્રે કાર-આઈશર સાથે ટકરાતા આ ગમખ્વાર અકસ્માતમાં ત્રણ ત્રણ પરિવારે ઘરના મોભી ગુમાવ્યા છે. પેથાપુરમાં પણ ત્રણ વ્યકિતના મોતના સમાચાર વાયુવેગે પ્રસરી જતા શોકની કાલીમાં છવાઈ ગઈ હતી. જયારે ઈજાગ્રસ્ત અને ત્રણ મૃતકોને લેવા માટે પણ પેથાપુરથી પાંચ સભ્યો ઓડીશા પહોંચી ગયા છે. મળતી વિગત મુજબ ગાંધીનગરના પેથાપુર ગામે રહેતા ૬૫ વર્ષિય કિરણકુમાર પ્રવિણચંદ્ર મહેતા , ૫૦ વર્ષિય રસિકભાઈ સોમનાથભાઈ મિસ્ત્રી, ૩૮ વર્ષિય જયેશભાઈ જશવંતભાઈ પરમાર અને ૩૩ વર્ષિય મહેન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ ડાભી ગત તા.૩૦ ના રોજ સાંજે આઈટેન ગાડી લઈને ઓડીશા જગન્નાથપુરી જવા માટે નીકળ્યા હતા. આ ચાર મિત્રો પેથાપુર ખાતે અષાઢી બીજે નીકળતી રથયાત્રામાં ભગવાન જગન્નાથની મૂર્તિ લેવા માટે ગયા હતા. ચારેય મિત્રો ઓડીશા જગન્નાથપુરી પહોંચી ગયા પછી પરિવાર તેમજ મિત્ર-મંડળ સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ ગઈકાલે સાંજના સુમારે ગાડી લઈને ચારેય મિત્રો રવાના થયા હતા. તે સમયે મધ્યરાત્રીએ અચાનક કાર-

● અનુસંધાન પાન-૫ પર

પરિવારે ઘરના મોભી ગુમાવ્યા

પેથાપુર સ્વામીનારાયણ મંદિર અને રામજી મંદિર પાસે વસવાટ કરતા કિરણ ભાઈ મહેતા પત્ની સાથે પેથાપુર રહેતા હતા.જયારે તેમના બે દિકરા પૈકી એક દિકરો ડો. અમરીષ મહેતા રાજકોટ ખાતે રહે છે. અને તેઓ જાણીતા યુરોલોજીસ્ટ છે. જયારે બીજો દિકરો રીતેશ મહેતા બેંગ્લોર ખાતે રહે છે અને સોફટવેર એન્જીનિયર છે. ત્યારે બંને દિકરાઓએ અચાનક પિતાની છત્રછાયા સાથે ઘરના મોભી ગુમાવતા પરિવાર શોકમય બની ગયું છે.

બે બહેનોએ વ્હાલસોયો વીરો ગુમાવ્યો

સમગ્ર પેથાપુરમાં જે.પી.વાયરમેનના હુલામણા નામથી જાણીતો જયેશ જશંવતભાઈ પરમાર અપરણિત હતો અને માતા તેમજ બે બહેનો સાથે બજારમાં આવેલા પોતાના મકાનમાં રહેતો હતો. ત્યારે ઓડીશા માર્ગ અકસમાતમાં ૩૮ વર્ષિય જયેશનું પણ દુખદ અવસાન થતા પરિવાર પર આભ તુટી પડ્યું છે. જયારે બે બહેનોએ પોતાનો વ્હાલસોયો વીરો ગુમાવતા તેમની આંખમાંથી હજુ સુધી આંસુઓ પણ સુકાતા નથી. ત્યારે જે.પી.ના અવસાનથી પરિવાર તેમજ પેથાપુરના નાગરીકોમાં પણ શોકનો મોહાલ જોવા મળ્યો છે.

રસિકભાઈ છુટક મિસ્ત્રીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા

પેથાપુર ખાતે રહેતા રસિકભાઈ મિસ્ત્રી છુટક સુથારી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના પરિવારમાં પત્ની અને દિકરો પ્રતિક છે.જયારે તેમના અચાનક અવસાનથી પરિવારના સભ્યોના માથે આભુ તુટી પડ્યું છે. ત્યારે પરિવારના હૈયાફાટ રૂદનથી સૌ કોઈની આંખો ભીની બને છે.

પેથાપુરના પાંચ સભ્યો ઓડીશા પહોંચ્યા

પેથાપુરના પાંચ સભ્યો હવાઈ માર્ગે ઓડીશા પહોંચી ગયા છે. જયારે ત્રણેય મૃતદેહને લઈ પાંચ સભ્યો ગુરુવાર બપોર સુધીમાં હવાઈ માર્ગે અમદાવાદ અને ત્યાંથી પેથાપુર આવવાની શક્યતાઓ છે.

પેથાપુરના વેપારીઓ સવારે ૮ થી૧૨ દુકાનો બંધ રાખી શ્રધ્ધાંજલિ પાઠવશે

પેથાપુરના ચાર નાગરીકોને ઓડીશા ખાતે માર્ગ અકસ્માત નડ્યો છે. જેમાં ગંભીર ઈજાને પગલે ત્રણ વ્યકિતના મૃત્યુ નિપજયા છે. જયારે મહેન્દ્રસિંહ ડાભીને ઈજા પહોંચતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ત્યારે પેથાપુરના ૬૫ વર્ષિય કિરણકુમાર પ્રવિણચંદ્ર મહેતા, ૫૦ વર્ષિય રસિકભાઈ સોમનાથભાઈ મિસ્ત્રી, ૩૮ વર્ષિય જયેશ જશવંતભાઈ પરમારના મૃત્યુના સમાચાર સમગ્ર નગરમાં વાયુવેગે પ્રસરી જતા શોકમય વાતાવરણ સર્જાયું છે. ત્યારે પેથાપુર વેપારી એસોસિએશનના પ્રમુખ અશ્વિનસિંહ વાઘેલા અને ઉપપ્રમુખ જયદિપસિંહ વાઘેલા દ્વારા સવારે ૮ થી ૧૨ વાગ્યા સુધી વેપાર-ધંધા બંધ રાખી મૃતકોને શ્રધ્ધાંજલિ પાઠવશે.

મતદાર જાગૃત્તિ અભિયાન અંતર્ગત આજે ‘અવસર રથ’નો ગાંધીનગરથી આરંભ

જિલ્લાના પાંચ વિધાનસભા મતક્ષેત્રોના ૧૧-૧૧ બુથ એવા છે જ્યાં ઓછુ મતદાન થયુ હતુ : મતદાર જાગૃત્તિ અભિયાન સઘન કરી મતદારોની ચૂંટણીમાં સક્રિયતા વધારવા માટે આ વિશેષ અભિયાન પંચે તૈયાર કર્યુ છે

ગાંધીનગર, તા. ૨

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં મતદાન વધારવાના ઉદ્દેશ્ય સાથે ‘‘અવસર લોકશાહીનો’’ અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે. ગત સામાન્ય ચૂંટણીમાં જે મતદાન મથકો પ્રમાણમાં ઓછુ મતદાન થયુ છે તેવા વિસ્તારોમાં જન જાગૃત્તિ માટે મિશન-૨૦૨૨ હાથ ધરવામાં આવ્યું છે.

મિશન-૨૦૨૨ અંતર્ગત નાગરિકોને મતદાન માટે પ્રેરિત કરવા ગુજરાતના ૧૧ ઝોનમાં ‘‘અવસર રથ’’ ફરશે.

ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતિ પી. ભારતી આજે ગાંધીનગર કલેક્ટર કચેરીએથી આ રથનું પ્રસ્થાન કરાવશે. આ પ્રસંગે અધિક મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા ચૂંટણી અધિકારી વ કલેક્ટર સુશ્રી ડી.કે. પ્રવિણા સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહેશે.

રાજ્યમાં આમ તો ૪૯ વિધાનસભા બેઠકોના ૧૯૫ મતદાન મથકોમાં સરેરાશ મતદાન કરતાં ઓછુ મતદાન થયુ હતુ. ચૂંટણી પંચે આ વખતે વધુ મતદાનના લક્ષ્ય સાથે લોકોની ચૂંટણીમાં સક્રિયતા વધે તે માટે ખાસ આયોજન કર્યુ છે.

રાજ્યમાં આવેલ મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીએ રાજ્યની ૧૮૨ વિધાનસભા મત વિસ્તારોમાંથી ૨૦૨૨ જેટલા ઓછુ મતદાન ધરાવતા વિસ્તારો અલગ તારવ્યા છે અને આ વિસ્તારોમાં જનજાગૃત્તિ અભિયાન પર ભાર મુકવામાં આવશે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા મત વિસ્તારના ૫૫ મતદાન મથકો એવા છે જ્યાં ઓછુ મતદાન નોંધાયુ હતું. મળતી વિગતો પ્રમાણે જિલ્લાની પાંચેય બેઠક પર આવા ૧૧-૧૧ મતદાન મથકો આવેલા છે જેને અલગ તારવવામાં આવેલા છે. આ રૂટો પર પ્રથમ તબક્કામાં આ જન જાગૃત્તિ માટેનો અવસર રથ ફરશે. આ સિવાયના વિસ્તારોને પણ આવરી લેવામાં આવશે.

જિલ્લામાં સ્વીપ કાર્યક્રમ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં બાળ સંસદ, વક્તૃત્વ સ્પર્ધા તેમજ વિશેષ કાર્યક્રમોનું આયોજન થઈ ચુક્યુ છે. હવે મતદાન જાગૃત્તિ અભિયાનને વધુ સઘન બનાવવા માટેનો અલગથી રોડ મેપ પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

શહેરમાં ટેલિફોન વિભાગને ફાળવવામાં આવેલા આવાસોની ભાડાની આવકના નામે મીંડું

વર્ષ ૨૦૧૬ થી ૨૨ મકાનોનું ભાડું ચુકવાયું નથી

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં સરકારી આવાસોમાં હજુ સુધી અન અધિકૃત કબ્જેદારોને પૂર્ણ રીતે દૂર કરી શકાયા નથી જેના લીધે આવાસ માટે ની પ્રતીક્ષા યાદીને પણ ન્યાય મળતો નથી આવા સંજોગોમાં બી એસ એન એલ ને ફાળવવામાં આવેલા આવાસોના ભાડાની આવક પણ તંત્રએ ગુમાવી છે આ સંસ્થા દ્વારા ૨૨ જેટલા આવાસનું વર્ષ ૨૦૧૬થી ભાડુ ભરવામાં આવ્યું નથી. પાટનગર યોજના વિભાગ દ્વારા રૂપિયા ૮ લાખની ભાડાની રકમની વસૂલાત માટે આપવામાં આવતી નોટિસની પણ કોઈ અસર નથી આવા સંજોગોમાં તંત્રએ પણ માથું ખંજવાળવાનો વારો આવ્યો છે

પાટનગર યોજના વિભાગ દ્વારા સરકારી આવાસના ભાડાની વસૂલાત માટે અલાયદી શાખા કાર્યરત છે છતાં ભાડું નહીં ચુકવતા કબ્જેદારો બિન્દાસ્ત છે ખોટના ખાડામાં રહેલી જેમાં ટેલીફોન સેવા આપતી બી એસ એન એલ નો પણ સમાવેશ છે ત્યારે પાટનગર યોજના વિભાગ દ્વારા બીએસએનએલને પણ અન્ય સરકારી સંસ્થાઓની જેમ કર્મચારીઓની રહેઠાણ સુવિધા માટે સરકારી આવાસ ફાળવવામાં આવ્યા હતાં.

માર્ગ મકાન વિભાગ દ્વારા જે આવાસ ફાળવવામાં આવ્યાં તેમાં સૌથી વધુ લાઈનમેન સહિતના નાના કર્મચારીઓ માટેના બે રૂમ રસોડા અને એક રૂમ રસોડાના જ અને છ કક્ષાના

● અનુસંધાન પાન-૫ પર

શહેરના આંતરિક માર્ગોના મરામત અને રિસરફેસીંગ માટે ૫૦ કરોડ ફાળવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના આંતરિક માર્ગોના દુરસ્તીકરણ તેમજ રિસરફેસીંગ માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે રૂ. ૫૦ કરોડની તાત્કાલિક ફાળવણી કરી છે.

મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રીએ આ રકમ ફાળવી આપી છે અને તે ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તક મુકવામાં આવી છે.

આ કામગીરી ઝડપથી હાથ પર લેવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. સરકારે આંતર માળખાકીય સુવિધાઓના સુદૃઢીકરણમાં માર્ગ સલામતિ તેમજ માર્ગની દુરસ્તી અને રિસરફેસીંગને અગ્રતા આપી છે.

ચોમાસાની ઋતુ દરમ્યાન શહેરના ઘણા માર્ગોને નુકશાન થયુ હતુ તેમજ સેક્ટરોના આંતરિક માર્ગો ઘણા સમયથી મરામત અને રિસરફેસીંગ નહિ થતુ હોવાની ફરિયાદો પાટનગરમાં ઉઠી હતી તે ધ્યાને રાખી મુખ્યમંત્રીએ આ રકમ તાત્કાલિક મંજૂર કરી અને ફાળવી આપી છે.

જાહેર સ્થાનો પર ભીડ એકત્ર ન થાય તેમજ ભીડ નિયંત્રણ કરવા સરકારની તાકીદ

ગાંધીનગર, તા. ૨

મોરબી હોનારત પછી હરકતમાં આવેલી રાજ્ય સરકારે દરેક જિલ્લાતંત્રને વિવિધ પ્રવાસન સ્થળો, ધાર્મિક સ્થાનો તેમજ અન્ય સ્થાનો પર વધુ ભીડ લોકોની ના થાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેનુ ધ્યાન રાખવા સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકારે હાલ દિવાળીનું વેકેશન ચાલતુ હોવાથી ખાસ કરીને વૉટરપાર્ક કે અન્ય સ્થાનો પર પણ ભીડનું નિયંત્રણ કરવુ જરૂરી છે.

સરકારે દરેક જિલ્લામાં આવા સ્થાનો કેટલા છે તેમજ ધાર્મિક અને પ્રવાસન સ્થળે કેટલા લોકો ભેગા થતા હોય છે તેની વિગતો સાથેનો અહેવાલ પણ તાત્કાલિક મોકલી આપવા સાથે સાથે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન પણ જોડવા માટેની સૂચના આપી છે.

આવા સ્થાનો પર ભીડનું નિયંત્રણ કરવામાં આવે એટલુ જ નહિ આવા સ્થાનો પર ભીડ નિયંત્રણ માટે અને નિવારણ માટેના પગલાંઓ પણ અહેવાલમાં જણાવવા કહ્યુ હોવાનું જાણવા મળેલ છે.

મહેસુલ વિભાગની સૂચનાને પગલે તંત્રએ પણ જિલ્લાના આવા સ્થાનો જે છે ત્યાં જરૂરી સૂચનાઓનો અમલ કરવા માટેની તાકીદ પણ કરી દીધી હોવાનું જાણવા મળેલ છે.

ચ-૩ પાસે પાણીની લાઈનમાં લીકેજ સર્જાતા ચોમેર પાણીના ખાબોચિયા ઉભરાયા

શહેરમાં એકબાજુ નવી લાઇન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે ત્યારે વારંવાર લાઇનમાં ભંગાણ થવાના લીધે તંત્ર માટે શિરદર્દ : લાઇનમાં લીકેજીસના લીધે પાણીનો બેફામ બગાડ થતા સ્થાનિકોમાં રોષ

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે નવી લાઈન નાંખવા માટે હાથ ધરવામાં આવતા ખોદકામ દરમિયાન અનેકવાર સેકટરોમાં વિજ લાઈનના કેબલ કટ થવાની સાથે પાણી ગટરની હયાત લાઈનમાં પણ ભંગાણ કે લીકેજીસની સમસ્યા સર્જાતી હોવાના કિસ્સા ધ્યાને આવે છે. જેના લીધે પાણીનો બગાડ પણ વિશેષ થાય છે ત્યારે બીજીતરફ તંત્ર માટે પણ શિરદર્દ સમાન સ્થિતિ સર્જાય છે. શહેરના ચ- ૩ કોર્નર પાસે આજે સવારે પાણીની લાઈનમાં લીકેજીસના લીધે ચોમેર પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. તંત્ર દ્વારા સ્થળ તપાસ કરીને સ્થિતિનુ નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ જયારે લીકેજીસને ડામવા માટે પણ કવાયત હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે સેકટરોમાં ખોદકામ ચાલી રહ્યુ છે. શહેરમાં વસતી અને વિકાસને ધ્યાનમાં રાખીને નવી લાઈન પણ મોટા ડાયામીટરની નાંખવામાં આવી રહી છે. જયારે પાણીની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર કરવામાં આવતા ખોદકામ દરમિયાન અનેકવાર વિજળીના કેબલો કટ થવાના લીધે વિજપ્રવાહ ખોરવાતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. જયારે છાશવારે અન્ય યુટીલીટીઝ લાઈન પણ ડિસ્ટર્બ થતા નાગરિકોએ હાલાકી વેઠવાનો વારો આવે છે. આવા

સંજોગોમાં સેકટરોમાં પાણીની લાઈનમાં પણ વારંવાર ભંગાણ થતા વારંવાર પાણીનો વેડફાટ થાય છે. અગાઉ પણ સેકટરોમાં નવી લાઈન સંદર્ભે ખોદકામ સહીતની કામગીરી દરમિયાન પાણી ગટરની લાઈનમાં ભંગાણ થયુ હોવાના પણ અનેક કિસ્સા સામે આવ્યા હતા જેના લીધે પાટનગર યોજના વિભાગનુ તંત્ર પણ દોડતુ થઈ ગયુ હતુ. જયારે હાલ પણ શહેરના હાર્ટ સમા વિસ્તાર ચ -૩ સર્કલ પાસે

● અનુસંધાન પાન-૫ પર

આઠમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. બાબુભાઈ મંગળભાઈ પરમાર
સ્વ. તા. ૩/૧૧/૨૦૧૪ (ગામ-બોરીજ)

જિંદગી હતી ટૂંકી છતાં મમતા ઘણી મૂકી ગયા,
એકલા ખૂણે રડી લઈશું જ્યારે આવશે તમારી યાદ.
ક્યારેય કલ્પી ન શકાય તેવી તમારી
વિદાય અમારું કાળજુ કંપાવી ગઈ.
પરમાત્મા આપના પવિત્ર આત્માને શાંતિ આપે.

લી.
સ્વ. પુષ્પાબેન બાબુભાઈ પરમાર (પત્ની)
ચેતના (પુત્રી) ટ્વિંકલ (પુત્રી)
સમીરકુમાર (જમાઈ) નિરવ (પુત્ર)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ભાજપે ૨૦ જિલ્લામાં રાષ્ટ્રીય નેતાઓને સોંપી મોટી જવાબદારી

વિધાનસભા ચૂંટણી માટે ભાજપે કવાયત તેજ કરી છે; ૨૦ જિલ્લામાં રાષ્ટ્રીય હોદેદારો, સાંસદો, અન્ય રાજ્યોના મંત્રીઓને જવાબદારી સોંપાઈ

ગાંધીનગર,તા.૨

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી જાહેરાતનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. રાજનીતિમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. રાજકીય પાર્ટીઓ પણ ચૂંટણી જીત માટે તમામ તૈયારીઓ કરી રહ્યાં છે. ચૂંટણીમાં જીત મેળવવા ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી કમર કસી રહ્યાં છે. ત્રણેય પક્ષો ચૂંટણીલક્ષી કવાયત તેજ કરી લીધી છે. કોંગ્રેસ અને ભાજપ સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે તો આમ આદમી પાર્ટીઓ કેટલાક ઉમેદવારોના નામની યાદી પણ જાહેર કરી દીધી છે. વિધાનસભાની ચૂંટણી માટે ભાજપે કવાયત જોરશોરથી શરૂ કરી દીધી છે. જેમાં કેટલાક રાષ્ટ્રીય નેતાઓ જવાબદારી પણ સોંપવામાં આવી છે.

વિધાનસભાની ચૂંટણીની ગમે તે સમયે જાહેરાત થઈ શકે છે ત્યારે ભાજપે ફરી વાર ચૂંટણીમાં વિજય મેળવવા માટે કવાયત શરૂ કરી દીધી છે. વિધાનસભા ચૂંટણી માટે ભાજપની કવાયત તેજ થઈ ગઈ છે. જેમાં ૨૦ જિલ્લામાં રાષ્ટ્રીય નેતાઓને આપી જવાબદારી સોંપવામાં આવી છે. જે માટે ભાજપે રાષ્ટ્રીય હોદેદારો, સાંસદો, અન્ય રાજ્યોના મંત્રીઓને જવાબદારી સોંપી છે. જે અનુસંધાને શહેરી વિસ્તારો સિવાય તમામ જિલ્લાઓમાં નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે. જે તમામ નેતાઓ જે તે જિલ્લામાં ચૂંટણી સુધી હાજર રહેશે અને ચૂંટણી જીતના સમીકરણો રચશે.

ગુજરાતમાં ફરી ભાજપની સરકાર બનાવવા ભાજપે રણનીતિના માર્ગ મોકળો કરતો હોય તેવું જણી રહ્યું છે ભાજપે સેન્સ પ્રક્રિયા બાદ ચૂંટણી જીત માટે તેમણે ૨૦ જિલ્લામાં રાષ્ટ્રીય નેતાઓને જવાબદારી સોંપાઈ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com